જરથોસ્તી ધર્મ ક્રીયાઓ.

ઇંગ્રેજી ઉપરથી તરજુમો કરનાર

એરવદ જેહાંગીર બમનજી પાવરી.

મુંબઇ:
ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કુંપની, લીમીટેડ.

જરથોસ્તી ધર્મ ક્રિયાઓ.

"ખરી વિદ્યા અને ખરો ધર્મ જોડ બેહેનો છે, અને તેઓમાની એકને બીજાથી જુદી પાડવા એ બંનેના મરણ સમાન છે. વિદ્યા જેટલી ધર્મી હોય એટલા પ્રમાણમા તે ખીલે છે; અને ધર્મ તેના મૂળમાં જેટલા પ્રમાણમાં વિદ્વતાઈ સમજવાળો અને મજબુત હોય તેટલા પ્રમાણમાં ખીલે છે. ફીલસુફોના મહાભારત કામો તેમની મનશકિત કરતાં મનશકિતને મનની ઉચી ધાર્મીક લાગણીથી દોરવવાનાં ફળ હતાં. તેમની તર્કીક તિવ્ર બુદ્ધિ કરતાં તેમની ધીરજ, તેમનો પ્રેમ, તેમની એકાગ્રતા અને તેમના મનપરના કાબુને લીધે તેમને સતજ્ઞાન આધીન થયું હતું."

ટી. એચ. હક્ષલી.

લખનાર:

નસરવાનજી ફરામજી બીલીમોરીયા.

મુંબઇ :—ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કંપની, લીમીટેડ.

પ્રસ્તાવના.

માણસ જાતના બે વર્ગ કરીએ—એક ધર્મી અને બીજો અધર્મી—તો દરેક જ્ઞાતમાંથી તે મળી આવશે. ધર્મી લોકો એવું માને છે કે આ જીંદગી અને આ દુનિયા ફાની છે, તેથી તે એક વેહેમ છે, ખરી તથા ભવિશની જીંદગી તથા દુનિયા બીજી છે; તેથી વધારે ખરી જીંદગી માટે પોતાના પેગંબરોએ વર્ણવેલા માર્ગ પ્રમાણે તેઓ પોતાથી બની શકે તેવાં કામો કરે છે. બીજા લોકો એવું માને છે કે આ જીંદગી અને આ દુનિયાંજ માત્ર ખરી છે, અને બીજી જીંદગી અથવા બીજી દુનિયાં વિશે જેઓ એકીન ધરાવે છે તેઓ "વેહેમી" છે. જરથોસ્તીઓમાં ધર્મી અથવા દીનદાર લોકો પોતાના ઉપલાં એકીનને લીધે આ તેમજ પેલી દુનિયાનાં ફાયદા માટે ધર્મમાં વર્ણવેલી ક્રિયાઓ કરેછે અથવા કરાવે છે; અને જેઓ પાસ જરનું જોર હોય છે તેઓ પોતાના મરણબાદ તેવી ક્રિયા ચાલુ રહે એટલા માટે ચોકસ રકમ જુદી પાડી તેનાં "ત્રસ્ટ ફંડ" ઉભાં કરે છે કે જેની ઉપજમાંથી તેવાં કામો થતાં રહે. દેખઇતી અને અનદીઠ જગતના ફાયદાનાં એવાં ફંડો માટે અધર્મીઓ—એટલે જેઓ માત્ર આએજ જીંદગી ખરી માને છે તેઓ—નકામાં ધારે છે, અને તે પૈસા વગર અર્થે રોકાઇ રહેલા માને છે. તેથી તેઓ આએજ જીંદગીના ફાની ફાયદા માટે તે પૈસા વાપરી નાખવાની ભલામણો કરે છે. એટલુંજ નહીં પણ દીનદાર જરથોસ્તીઓ જેઓએ એવી રકમ એલાહેદી કાહડેલી હતી તેઓના કેટલાક જડ વિચારના વારસોએ તે પૈસા આએજ જીંદગીના ફાયદા માટે વાપરી નાખવાને બ્રીટીશ ન્યાયાસનની પરવાનગી લઇને એવાં કેટલાંક "ત્રસ્ટ ફંડસ" રદ કરાવ્યાં છે: વળી બીજા કેટલાક તેવાજ વિચારના જરથોસ્તીઓ તેવાં ખાતાં રદ કરાવા નીકળ્યા હતા. આથી કુદરતી રીતે દીનદાર અને ધર્મી જરથોસ્તીઓને ફીકર પેદા થઇ અને ભવિશમાં એવું નહીં બને તે માટે સાવચેતીના ઉપાય તરીકે તેઓએ પારસી પંચાતના ત્રસ્ટીઓ મારફતે બ્રીટીશ સરકાર પાસ એક એવો કાયદો માગવાની ખાહેશ દેખાડી કે જેથી ઉપલા નાણાનો ગેર ઉપયોગ થતો બચે. આથી સાંમી બાજુએ—વિદ્યા અને ધર્મ જ્ઞાનની ગેરહાજરીમાં—ધર્મી પારસીઓને, મોબેદ ટોળાને, અને ક્રીયાને લગતું જે કાંઇ હોય તેને ગાળો દેવા માંડી. તેઓએ દીનદાર લોકોને "વેહેમી" ગણીને સતાવા માટે જેટલું થયું તેટલું કીધું. તેઓનો વસીલો એટલો બધો પોંહોચ્યો કે હીંદુસ્તાનની બ્રીટીશ સરકારને કરવા ધારેલી

અરજી ઉપર વિચાર ચલાવવાને જે કમીટી નેમાઇ હતી તેમાં મેમબરોની સંખ્યામાં તેઓની એક સારી સંખ્યા દાખલ થવા પામી. પારસી ધર્મનાં કામોમાં અને પારસી મંડળોમાં રાજદ્દુવારી તદબીર જો નહીં વાપરવામાં આવેતો પારસીઓની ધર્મ સંબંધી સ્થીતીમાં ઘણો સારો ફેરફાર થાય. પણ પારસી ધર્મ મંડળો અને ધર્મના કામોમાં મોટે ભાગે રાજદ્દુવારી પુરૂશો કામ કરે છે, એટલુંજ નહીં પણ એક બે દસ્તુરો પણ ધર્માચારી કરતાં રાજ્યાચારી તરીકે વધારે પુરવાર થયા છે, તેથી રાજદ્દુવારી કુનેહો અને તદબીરો ધર્મ સંબંધી કામોમાં પણ, જાણી જોઇને કે અજાણતાં, કામે લગાડતાં ધર્મની સચાઇ દબાઇ જાયછે. જરથોસ્તી ધર્મ ક્રિયાનો સવાલ એવી તદબીરના ફાંદામાંથી છટકવા પામ્યો નથી. કમીટીમાં જે કામ કરવાનું હતું તેના મુદ્દા આગમચથી તૈયાર હતા, તે છતાં તે મુદ્દાઓને બાજુએ રાખી, કમીટીના પ્રમુખ ધી આનરેબલ મી૦ ફીરોજશાહ મેહેરવાનજી મેહેતાએ પોતાની રાજદ્દુવારી કુનેહથી એવો સવાલ પાછો ઉભો કીધો કે એવાં ત્રસ્ટો ખાનગી લાભનાં છે કે સામાન્ય લાભનાં છે, કે જેનો ચુકાદો બ્રીટીશ ઇનસાફે કોઇ ગેરસમજુતીથી અત્યાર આગમચનો આપ્યો હતો, અને જેની સામે તો ખુદ અરજી ઘડાઇ હતી. અજાયબ જેવું એ છે કે, અથોરનાન ટોળામાં અને બેહેદીન ટોળામાં સર્વેથી સરસમાં સરસ મગજો ઉપલી કમીટીમાં એકઠાં મળવા છતાં તેમાંથી કોઇને એટલું માલમ પડયું નહીં કે ઉપલાં ત્રસ્ટો જે કામ માટે ઠરાવ્યાં છે તે કામ સામાન્ય લાભ અર્થે છે કે ખાનગી લાભ અર્થે છે. જરથોસ્તી ટોળાના સર્વેથી શીખેલા અને બાહોશ, ધર્માભ્યાસીઓનાં ધર્મ વિશેનાં અજ્ઞાનપણાનો આથી વધારે અસરકારક નમુનો બીજો મળશે નહીં. તે માટે મારા એક મિત્ર, જેવણ એક સરકારી ઓધેદાર અને ન્યાયઅધીકારી છે, તેઓ નીચલા વિચાર જણાવે છે:—

"The question is whether those who believe in the Baz Rozgar ceremonies in good faith should be prevented from leaving money in trust to carry them on after their death. Nobody wants ——— or anybody else who does not believe in them to leave such money or perform such ceremonies, but they have no business to interfere with others who do. In former times religious persons were said to be bigots and intolerant; now-a-days it is 'irreligious' persons who have begun to be so, and with still less reason. If the movement is to succeed, it must be taken up by the common

people, meetings ought to be held, and as many people ought to be made to sign petitions in its favour as possible. The method adopted by the Punchayet, although well meant, may prove quite ineffective . . . . . The High Court has already decided the point, which is now sought to be re-argued. What is wanted is not legal argument, but a change in the law as it exists. The law must be according to the customs and views of the people to be governed by it ; customs and religion are not to be regulated by an alien law. I can little doubt that if it once becomes apparent that the majority of the Parsis desire a change, and very strongly, Government will be willing enough to make the change. Government must see what is the opinion of the masses, not of a few unbelievers."

"સવાલ એ છે કે બાજરોજગારની ક્રીયાઓ ખરાં એકીનથી જેઓ માનતા હોય તેઓને તેઓના મરણ પછી તે ક્રીયાઓ થતી રહે તે માટે ટ્રસ્ટમાં પૈસા એલાયધા કાઢતાં શું અટકાવવા જોઈએ? જેઓને એ ક્રીયાઓમાં એકીન નહીં હોય તેઓને કે——ને એવી ક્રીયાઓ કરવા સારૂ પૈસા જુદા કાઢવા કોઈ કેહેતું નથી; પણ જેઓ તેમ કરવા માંગેછે તેઓની વચે આવવાનું તેમનું કામ નથી. અગાઉના વખતમાં ધરમી લોકોને ધરમાંધ અને પારકાંના મત નહી સાંખનાર કેહેવામાં આવતા હતા; હમણાના વખતમાં 'અધર્મી' લોકો તેવા થવા લાગ્યાછે, અને વલી ઓછાં વાજબીપણાં સાથે. જો આ હીલચાલને ફતેહમંદ કરવી હોય તો તે સાધારણ લોકોએ ઉપાડી લેવી જોઈએ; તે વીશે સભાઓ ભરાવી જોઈએ, અને એની તરફેણની અરજીઓ પર જેમ બને તેમ મોટી સંખ્યામાં સહી થવી જોઈએ. પંચાયતે જે રીત અખત્યાર કીધીછે તે, તેનો હેતુ સારો છતાં, તદ્દન વગર અસરની થઈ પડે . . . . જે સવાલ હાઈકોરટે અત્યાર આગમચનો ચુકવેલો છે તે ફરીથી તકરાર માટે ખોલો ફરવાની વાત ચાલેછે. જે કરવું ઘટેછે તે ધારાને લગતી તકરાર નહીં પણ કાયદો જેવો હમણા છે તેમાં ફેરફાર કરાવવો ઘટેછે. લોકોને જે કાયદા હેઠળ રાખવાનાં છે તે કાયદો લોકોના આચારવિચાર અને રેવાજોને અનુસરતો જોઇએ; રેવાજો તથા ધરમ કોઈ તરાહીત કાયદા પ્રમાણે ફેરવવા ન જોઈએ. પારસીઓનો મોટો ભાગ ધારામાં કંઈ ફેરફાર કરાવવા બહુ મજબુતીથી ચાહેછે એવું જો માલમ પડે તો, મને થોડોજ શક છે કે સરકાર તેવો ફેરફાર ખુશીથી કરી આપશે. સરકારને થોડાક એકીન વગરનાઓના મત તરફ નહી પણ આમ લોકોના મત તરફ જોવાનું છે."

કમીટીની સભા મલ્યાને મહીનાઓ ગુજરી ગયા છે અને તેનું કામ કેટલે દરજ્જે આગળ ચાલ્યુ છે તે જણાયું નથી. માત્ર આપણ એટલુંજ

જાણીએ છીએ કે દીનદાર જરથોસ્તીઓની અરજી પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોના દફ્તરખાનામાં જડવાદી પારસીઓના ચુથનાંથી ફરાગાતી પામી નીરાંતે ઉંઘ કહાડતી હશે.

જેઓ જરથોસ્તી ધર્મમાં વર્ણવેલી ક્રિયાઓ ઉપર મુન્જાહેમત કરવા પડયા છે તેઓ ભુલી ગયા છે કે, જરથોસ્તી ધર્મનુ ટકવું જરથોસ્તી ધર્મની ક્રિયા વડે છે. સાધારણ માણસો માટે એક ધર્મ જે અગત ધરાવે તેને ત્રણ જાતના સાહીત્યની જરૂર છે—૧ લું, મીનોઈ જ્ઞાન વધારનારૂં; ૨ જું, ખોદા તરફ જાનફેશાની વધારનારૂં; અને ૩ જું, કરણીને શુધ કરનારૂં. પારસીઓ પાસે મીનોઇ વૃધ્ધ કરે એવાં અનુક્રમે સમજ આપનારાં લખાણોની ખુટ છે; ખોદા તરફ જાનફેશાની ઉત્પન કરે એવા લખાણો પણ જલવાયલાં જવલેજ મલે; પણ મોટે ભાગે ક્રિયાકાંડ જલવાઇ રહેલો માલમ પડે છે. સંસારી કામો એક યા બીજા સ્વાર્થને લીધે થતાં હોવાથી માણસ તે જાતના કામકાજેથી કરણીનાં બંધનમાં રેહે છે; પણ ધર્મ ક્રિયા મુખ્ય કરી બીનસ્વાર્થ અને જગતના સામાન્ય ફાયદાને અર્થે થતી હોયાથી એવી જાતનાં ક્રિયા કામોથી તે કરણીથી બંધાતો નથી,—ઓર તે છુટો થાય છે. તેથી પારસી કોમના છુટકારાના બીજા ભાગોમાં માત્ર આએજ માર્ગ એક બાકી રહયો છે જે કેટલાક ધર્મથી અજ્ઞાન પારસીઓ રદ કરવા માગે છે. આ ક્રિયાકાંડ ગયો તો પારસી ધર્મ ગયો એમ સેહેલાઇએ કહી શકાય. ક્રિયાઓના બંધ થવા સાથ ક્રિયાકાંડનો વપરાસ બંધ પડે; અને તે લખાણ ધીમે ધીમે ગુમ થાય. તેના ગુમ થવા સાથ ધર્મનો જે થોડો ભાગ બચેલો છે તે પણ બંધ પડે.

જ્યારે પારસીઓમાં બેઉ તરફ તકરાર ચાલતી હતી, ત્યારે આ લખનાર ધીરજથી પોતાનો અભ્યાસ ચલાવતો હતો. અને જ્યારે તે તકરાર એવી હાલતપર આવી કે જે હાલતમાં કાંઇ બોલવાની જરૂર દેખાઈ, ત્યારે ઉતાવળમાં એક ઈંગ્રેજી રેસાલો તૈયાર કરી મુંબઇની થિઓસોફીકલ સોસાયટીમાં તે તા૦ ૧૭મી મે સને ૧૮૯૬ ની સાંજે વાંચવામાં આવ્યો હતો. પારસીઓના ચોક્સ વર્ગમાં થિઓસોફીને નામે સુગ હોવાથી તેનો લાભ થોડાજ પારસીઓ મેળવી શક્યા હતા; પણ જેઓ મેળવી શક્યા તેઓ એકમતે તેને છપાવી ટોળામાં ફેલાવાની ભલામણ કરવા લાગા. ખરચના નાણા તેઓમાના કેટલાકો તરફથી તેમજ તેઓએ પોતાના મિત્રોમાં વાત ચારવ્યાથી તેઓ તરફથી મળ્યાં,

અને તે રેસાલો છપાવી પ્રગટ કરીને વેંહેંચયાથી ઘણેક ઠેકાણેથી તે વીશેની પસંદગીના કાગળો આવ્યાં. નમુના તરીકે નીચલો એક પત્ર, જે એક મારા મિત્ર ઉપર તેમના એક મિત્ર તરફથી આવ્યો હતો, અને જેના લખનાર અસલ દસ્તુર ખાનદાનના એક ગ્રહસ્થ છે, તે અત્રે રજુ કરશું :—

૧૧-૮-૯૬.

પ્યારા ભાઈ——

મેં તમોને બે ત્રણ વખત કહેલું કે ભાઈ નશરવાનજી બીલીમોરીયાએ જરથોસ્તી ક્રીયાઓ ઉપર ભાશણ આપી ચોપાનીયું છપાવ્યું છે તેની નકલ મોકલજો. પણ તમો ભુલી ગયલા હોવાથી મેં તે બીજે ઠેકાણેથી મેળવી આજે વાંચ્યું છે. તે વાંચવાથી મારા મન ઉપર એટલી તો સારી અસર થઈ છે કે તેના ઉભરા તરીકે આ સાથે રૂ. ૨૫ અંકે પચીસ થીઓસોફીકલ ફંડમાં મોકલ્યા છે. અને આજથી બાજ આફ્રીંગાન તથા સતોમમાં ગોશ તથા દારૂ નહીં મુકવાનું ફરમાન મેં મારા ઘરમાં આપ્યું છે. ખોદા કરેને એ૦——— તથા બીજાઓએ અમશાસ્પંદો તથા યજદોનો ઈનકાર કીધો છે, તેઓ આ ચોપાનીયું વાંચે ને તેઓનાં material મન ઉપર અસર થાય. એ૦ જીવનજીને સમજાવીને અરજી સાથે એ ચોપાનીયું સરકાર ઉપર મોકલવાનું થાય તો સારૂં

લા૦ સુભેચ્છક, ———ની સલાંમ.

ઉપલી રકમ ઈંગ્રેજી ચોપાન્યાની બીજી આવૃતી છપાવામાં કામે લગાડવાનો ઇરાદો હતો અને તે માટે ઉપલા દીનદાર ગ્રહસ્થની ખાહેશ પુછાવી હતી, જે તેઓએ ખુશીથી આપી હતી, પણ તેટલાં એ રેસાલાની ગુજરાતી નકલોની માંગણી થવાથી તે રકમ આ ગુજરાતી તરજુમા પાછલ, ખરચવામાં આવી છે. તરજુમો એ૦ જેહાંગીર બમનજી પાવરીએ કીધો છે. આ રેસાલો ઈંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં છપાવી પ્રગટ કરવાને નાણાની મદદ કરનારાઓને જેઓ આ કામ સવીકારતા હોય તેઓનો તથા આ લખનારનો ઉપકાર ઘટે છે.

અત્રે જણાવાની જરૂર છે કે થિઓસોફીકલ સાહીત્યની મદદથી ધર્મ ક્રીયાઓનાં વધારે ઊંડાણમાં દાખલ થઇ શકાય એમ છે; પરંતું જો હાલ તુરત આ ચોપાંન્યામાં વર્ણવેલીજ બાબદો ઉપર પારસી ટોળા તરફથી ધ્યાન આપવામાં આવે અને ક્રિયા માર્ગની તાલીમ આપવાને દસ્તુર જામાસપજી મીનોચેહેરજી જામાસપ આસા તરફથી જે મકતબ ઉઘાડ-

વામાં આવીછે, તેને સારા પાયા ઉપર અને કોઈ યોગાભ્યાસી ઉસ્તાદની તાલીમ તલે મુકવામાં આવે, તો ધર્મને લગતી ક્રીયા કામ વાલી એક બાબદ માટે આપણા જમાનામાં આપણે કાંઈ કામ કીધેલું ગણાય, અને જરથોસ્તી ટોળાને, તથા ક્રિયા માર્ગના વસીલાથી જગતને, ફાયદો થાય.

રોજ ૧૪ મો માહ ૨ જો
શને ૧૨૬૬ યજદેજરદી.

નશરવાનજી ફરામજી બીલીમોરીયા.

જરથોસ્તી ધર્મ ક્રિયાઓ.

> "આ સઘલા અશોઈના સરદારો, તેત્રીસ ફરેસ્તાઓ, જેઓ હાવનીની આસપાસ સર્વેથી નજદીકના છે, જેઓને અહુરમજ્દે શિખવ્યું અને જરથુસ્ત્રએ જાહેર કર્યું, તેઓના માનમાં હું આ [યજશને] અર્પણ કરૂં છું."—**યજશને,** હા ૧લો, ફ. ૧૦મો.

આજ સાંજની આપણી બાબદ જરથોસ્તી ધર્મ સંબંધી ક્રિયાઓને લગતી છે. એ ઉપરથી કોઇએ એમ ન વિચારવું કે પારસીઓથી કરવામાં આવતી સઘળી ધર્મ સંબંધી ક્રિયાઓની સમજણ હું અતરે આપવા માગુ છું. હું માત્ર મારા અભ્યાસની મારફતે તેઓ વિશે જે સમજણ ધરાવું છું તે અત્રે રજુ કરીશ.

સઘળી પ્રજાઓ ક્રિયાઓ ધરાવેછે.

કોઇપણ પ્રજા ધર્મ ક્રિયા વગર આ દુન્યા ઉપર હસ્તી ધરાવતી નથી. હીંદુઓ સોમ યજ્ઞ અને એવી બીજી ક્રિયાઓ કરેછે; પારસીઓ પણ હીંદુઓની ક્રિયાઓને મલતીજ કેટલીક ક્રિયાઓ કરેછે, જેવી કે આફ્રીનગાન, સ્તુમ, યજશને, અને હોમ. મુસલમાનો તેઓની ફાતીઆની અને એવીજ બીજી ક્રિયાઓ કરે છે; ખ્રીસ્તીઓ પોતાની યુકેરીસ્ટની ક્રિયા કરે છે; અને વળી ફ્રીમેસ્નોની પણ કેટલીક ક્રિયાઓ હોય છે, તો જોકે તે હીંદુઓ અને પારસીઓની ક્રિયાઓ માફક બીજાઓથી છુપી રાખવામાં આવે છે, ક્રિયાઓ રાજ્ય સંબંધી, સંસારી, અને ધર્મ સંબંધી હોયછે, પણ તેઓમાંની છેલ્લીજ ફક્ત પોતાનાં આત્મીક મુળને લીધે પવીત્ર ગણાયછે. આ ક્રિયાઓ બીજી મતલબ સાથ પોતાનાં મુળમાં ઉમદા અને હમેશની મીનોઇ સચ્ચાઇઓ ધરાવેછે, કે જે સચ્ચાઇ માણુસ જાતનો મોટો ભાગ કે જેમાં કહેવાતા

સુધારકો અને હુશીયાર ગ્રહસ્થો પણ સમાઇ જાયછે, તેઓને મોહર કીધેલી બંધ ચોપડી જેવી થઇ પડીછે, અને તેથી અઘટીત રીતે અને અજ્ઞાનપણાથી ક્રિયાઓને વહેમ અને મુરખાઇ તરીકે હસી કાઢવામાં આવેછે. આ પાછલા વર્ગના લોકોની રીતજ છે કે કોઇપણ ચીજ જે તેઓના આગમજથી માની લીધેલા વિચારો, મતો અને આપવડાઇને અનુકુલ થાય નહિ તેને વહેમ તરીકે ગણવું. આવા શખ્સોની તરફથી થતી મશકેરી અને તીરસ્કાર સઘળી મીનોઈ બાબદોનાં તેઓનાં પોતાના અજ્ઞાનપણાનું માપ દેખાડે છે.

યજશને

પારસીઓની ઘણી ખરી ક્રિયાઓમાં વપડાતી બંદગી અવસ્તાના તે ભાગમાંથી લેવામાં આવી છે કે જેને **યજશને** કરી કહેવામાં આવે છે, જે સંસ્કૃત શબ્દ યજ્ઞને મલતો છે, અને જેનો અર્થ ભોગ અથવા બળીદાન આપવું, અથવા અર્પણ કરવું, વગેરે થાય છે. આ ભોગો જુદી જુદી તરેહના છે; પણ તેઓને બે મુખ્ય વર્ગો, બાતેન અને જાહેરમાં વેહેંચી નાંખવામાં આવ્યા છે. બાતેન ભોગ આપણા પોતાના તત્વોનો ખુદાઇ કેબલા ઉપરનો ભોગ છે. તે રવાનનો બાતેન ઉભરો છે કે જે અહુરમજદ સાથે આપણને પવીત્ર સંબંધમાં લાવે છે, જેને અવસ્તામાં 'ખએત્વદથામ્'ના નામ હેઠલ ઓળખવામાં આવે છે. આ બાતેન ભોગના બદલામાં આપણ તે હાલત ઉપર આવ્યે છીએ કે જેમાં માણસ ખુદ પોતા વીશેનું ખરૂં જ્ઞાન અંતર દ્રષ્ટીથી સંપાદન કરી શકે છે. વધારે હલકી જાતના આવા ભોગોમાંનો એક કાંઇપણ બદલાની આશા રાખ્યા વગર નીષ્કામીક થઇ માણસ જાતના ભલાં અર્થે પરમાર્થનું અને જાનફેશાની કરવાનું કામ છે. જાહેર ભોગમાં બાતેન તત્વોને બદલે જાહેર આલાતો વાપરવામાં આવે છે. પારસીઓની ક્રિયાઓના આલાતો જેવા કે, જીવામ, બરસમ વગેરે, કે જે બાતેનમાં તત્વ તરીકે હોય છે, તે જાહેર આલાતો તરીકે ઓલખાય છે. ક્રીયાઓમાં જણાવેલા ભોગોને કોઇપણ પ્રકારે જાનવરી ભોગ તરીકે ઓલખવાની ભુલ કરવી ન જોઇએ. અવસ્તામાંનો 'પસુમ પચયન' અને સંસ્કૃતનો 'પીસ્ત પશુ યાગ' એ વાકયોનો બાતેન અર્થ જાતી ભોગથી આપણા જાનવરી અથવા હલકા હવસોને મારી નાંખવું, અથવા ઉકાળવું એવો થઇ શકે, અને નહિ કે ધર્મના નામ હેઠલ નીરદોષ જાનવરોને મારી અથવા પકાવી ખાવું.

જરથોસ્તી ક્રિયાઓમાં જે માંથ્ર ભણવામાં આવે છે, તે અલબતાં અવસ્તા ભાશામાં હોય છે; પણ પારસીઓની ઘણી ખરી ધર્મ સંબંધી કેતાબોનો હમણા અંગ્રેજી ભાશામાં તરજુમો થયો છે, અને "ધી સેક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ" નામની પ્રસીધ માળાનો એક ભાગ તેઓ રોકે છે. જેઓ એ માંથ્રમાં શું હશે, તે જાણવા માંગતા હોય તેઓને આ તરજુમા ઉપરથી માલમ પડશે કે, તેઓના રચાણમાં

અમશાસ્પંદો અને યજદો

યાને જગતને લગતી હોશદાર શકિતઓ અથવા જગતનું બંધારણ કરનારી શકિતઓની આરાધણા, યાદ, સેતાયશ, સ્તુતી અને વખાણનો સંગ્રહ છે. આ યજદો તે શકિતઓ છે કે જેઓથી આ દુન્યા પ્રગટ થઇ હતી, થાય છે, અને હમેશાં ચાલુ રહેશે. આપણને શીખવવામાં આવ્યું છે કે કેટલાક એવા યજદોના અધીકારમાનો એક અધીકાર એ છે કે ગુજરેલાં માણસોના રવાનોને બુરી શકિતઓના ફાંદામાંથી ફસતાં બચાવવાં. શરોશ તેઓમાંનો એક છે. મીથ્ર તેઓમાંનો બીજો છે કે જે વન્દીદાદની ૧૯ મી પરગરદ પ્રમાણે રામ, રશનુ, અને આસ્તાદનો જોડયો છે. આ પાછલા ત્રણને ભેદમાં તેજ પરગરદમાં "કુતરા" તરીકે જણાવ્યા છે, અને જેઓ ચીનવદ પુલ ઉપર મરણ પામેલા માણસની કેરદાર અથવા કર્મના આકારની નજદીક જાએ છે. નેર્યોસંગ અને વોહુમન પણ આ બચાવ કરનાર ફરેસ્તાઓમાંના મુખ્ય તરીકે જાણીતા છે.

અમશાસ્પંદો અને યજદો જેવી શકિતઓની હસ્તી વીશે બે મત હોવાથી—એટલે કે ધર્મી ભાગ એવી હસ્તીઓ કબુલ રાખતો હોવાથી, અને સામી પક્ષ એવી હસ્તીઓ સ્વીકારતો ન હોવાથી—આ બાબદમાં લગાર વીગતવાર ખુલાસો કરવાનું હું જરૂરનું ધારૂં છું.

સામી પક્ષ યજદોની હસ્તી માટે એવું જણાવતા દેખાય છે કે તે બેહદીનોને ઠગવા માટે મોબેદ ટોળાએ ઉભી કીધેલી કલપીત શોધ છે, અને અમશાસ્પંદો તો ખુદાતાલા કે જેને આપણે અહુરમજદ કહીએ છીએ, તેની ફકત સીફત અથવા ગુણો તરીકે છે. તેઓ પોતાની સાહદત તરીકે ફકત ગાથાનેજ લેયછે, પણ અમશાસ્પંદો ઉપરાંત યજદોનાં કેટલાંક નામોનો સમાવેસ ગાથામાં સુધાં થાય છે.

અષા કદ થ્વા દરેસાની મનસ્યા વોહુ વએદેમ્નો
આતૂમ્યા અહુરાઇ સેવીશ્તાઇ સેરઓષેમ મજદાઇ.

. . . .

દાઇદી અષા તાંમ અષીમ વંઘહેઉશ આયપ્તા મનંઘહે
દાઇદી તૂ આર્મઇતે વીશ્તાસ્પાઇ ઇષેમ મઇબ્યા ચા.

—ગાથા અહુનવઇતિ, હા૦ ૨૮, ફ૦ ૫—૭.

"અએ અશ! ક્યારે હું તને અને વોહુમનોને મારા જ્ઞાનથી જોઈશ? તે જગા કે જે ઘણાંજ ફાયદેમંદ અહુરમજદને લગતી છે. તેનો રસ્તો શરોષની મારફતે દેખાડવામાં આવે.

. . . .

ઓ અશ! જે બદલાની માણસો ઈચ્છા રાખે છે તે મને આપ; ઓ આરમઈતી, વીસ્તાસ્પને તેની ખાહેશ મુજબ આપ; અને મારી ઉમેદ પુરી પાડ."

સદરહુ ફકરાઓ અહુનવઇતિ ગાથા, કે જેમાં શરોષ અને આરમઇતી નામના બે યજદોના નામો દરશાવવામાં આવ્યાં છે, તેમાંથી ટાંકેલા છે. આ વિશેષ નામોનો તેમાંથી નીકલતા ગુણોમાં તરજુમો કરવાથી કોઇપણ માણસ આખા વાકયને ખોટું રૂપ આપવાની જોખમદારીમાંથી પોતાનો છુટકો કરી શકશે નહીં. અહિંઆં યજદોના શબ્દો ઘણીજ ખુલ્લી રીતે જીવતી, ચાલાક, હોશદાર શકિતઓને માટે વાપડવામાં આવ્યા છે. જો કોઇપણ શખ્શને ઉપલા ફકરાઓ હોશદાર શકિતઓ અથવા યજદોની હસ્તી સાબેત કરવાને અપુર્ણ માલમ પડે તો અમે તેનું ધ્યાન હાલના સર્વેથી જાણીતા સાયન્ટીફીક સત્તાધારી માણસોમાનાં એક

મરહુમ પ્રોફેસર હક્સલી

નાં એ બાબદ વિશેનાં મત ઉપર ખેંચશું, કે જેના કરતાં આજની વિદ્યાની બાબદમાં વધારે સત્તાદાર વિદ્વાન જવલેજ કોઇ હશે. તે જડવાદપરથી આત્મવાદ ઉપર આવતાં પોતાના "કેટલાક તકરારી સવાલો વિશેના નીબંધ"ના દીબાચામાં જણાવેછે કે:—

"વિદ્યાને અનુસરતા ઘણાંજ સખત ધોરણે જોતાં માણસની બુદ્ધિ અથવા હોશ તીડ જેવાં એક કાળાં જંતુની બુદ્ધિ અથવા હોશ કરતાં જેટલાં પ્રમાણમાં વધારે છે તેટલાંજ પ્રમાણમાં માણસ કરતાં વધારે બુદ્ધિ ધરાવનાર કોઈપણ હોશ અનંત આકાશ અથવા ખાલી જગામાં વીખરાઈ પડેલી કરોડો દુનીયાં મધે કેથે હસ્તી ધરાવતો હોઈ નહી શકે; તથા એક ગોકળગાયની શકતી કરતાં માણસની શકતી જેટલાં પ્રમાણમાં વધારે છે તેટલાં પ્રમાણમાં કુદરતી નીમીત ચાલ ઉપર અસર કરી શકે એટલું બળ ધરાવનાર કોઈપણ હસ્તી માણસ

કરતાં વધુ શકતીવાન હોઈ નહી શકે, એવું વગર આધારનું માનવું મને તદન નાપાયદાર લાગે છે, એટલુંજ નહી પણ વળી લાગુ નહી પડે એવું અઘટીત અને વગર વજનનું જણાય છે. જે કાંઈ જાણીતું છે તેના સંબંધમાં સરખામણીની રીતની હદબાહર જવાવિના જયાંસુધી આપણે ચઢતા ચઢતા સર્વ-શકિતવાનપણાંથી, સર્વવ્યાપકપણાંથી અને સર્વજ્ઞપણાંથી મૂળે પરખાય નહીં એવા તબક્કા ઉપર આવી પોહચીએ ત્યાંસુધી આખી સૃષ્ટિને એક એકથી ચઢતી હૈયાતીઓથી વસાવવી સહેલી છે. જો કેટલીક બાબતમાં આપણો હોશ ભૂતકાળનાં હજારો વરસની બીના બેશક પાછી ઉભી કરી શકે અથવા રજુ કરી શકે, અને ભવીષ્યકાળનાં હજારો વરસની બીનાઓ માટે આગમચથી ધારી શકે અથવા વરતારો કાઢી શકે છે, તો આટલું તો સંભવની હદમાં ખુલી રીતે આવે છે કે એવાજ વર્ગની કોઈ વધારે મોટી બુદ્ધિ અથવા હોશ હોઈ શકે કે જે તમામ ભૂત અને ભવિષ્યના બનાવોનો એક આવના મજેના દેખાવ મીસાલ સાફ રજુ કરવાને શકતીવાન હોય; એક લોહચુંબકની સોય જે પ્રમાણે સુર્ય મધે થતી હરેક ખલલ અથવા ખળભલાટ આ પૃથ્વીપર બતાવે છે, તે પ્રમાણે એવી જાતનું આકર્ષણ ધરાવનાર કોઈ શકિત જે સૃષ્ટિમાં બધે પસરેલી છે તો એક સર્વવ્યાપક કર્તા અથવા હસ્તીનો ખ્યાલ પણ આપણી સમજમાં ઉતરે એવો છે. જ્યારે તમારૂં નજીવું જ્ઞાન (ખાકી) બનાવોપર આપણને કેટલોક અખત્યાર આપે છે ત્યારે ખરી વ્યવહારીક સર્વજ્ઞતા બયાન કરી નહી શકાય એટલી મોટી શકતી બક્ષી શકે.

અહિંઆં એ મરહુમ પ્રોફેસર "કુદરતની નીમીત ચાલ ઉપર અસર કરી શકે એટલું બલ ધરાવનાર કોઇ પણ શકિતઓ"ની હસ્તીના એતેકાદ વીશે જણાવેછે, અને

દીનકર્દ

માં યજદોને નેમી આપેલાં કામો સદરહુ વિચારને આબેહુબ મલતાં આવેછે. એ પહેલવી ચોપડીમાં જણાવવામાં આવેછે કે તેઓ આકાશ અને જમીન, ફુકતો પવન, વહેતું પાણી, ઉગતા ઝાડપાણ, ઢોર અને માણસજાતની જીંદગી અને પોષણ માટે, અને વળી ઘાતકી દેવોની પેદાયશ સામે ખાકી જગતોનો બચાવ કરવા ઉપર નગેહબાની કરવા સારૂ હસ્તી ધરાવેછે. (પુ૦ ૩, ૧૨૫). દરેક ચીજ જે પવીત્ર સરજાયલી છે, તેની ઉપર તેઓ મવક્કલ હોય છે, અને દરૂજો અથવા બુરી શકિતઓ કે જેઓ પાક પરવરદેગાર તરફથી સરજાયલી તમામ ચીજોનો નાશ કરવાને હમેશ કોશેશ કરે છે, તેઓની સાંમે વારંવાર તેઓ લડાઇ કરે છે. આ મતને વળી એક બીજા વિદ્વાન

એ. આર. વોલેસ

ટેકો આપે છે, જે હાલનાં પ્રગટીકરણના અનુમાનની શોધ કરનાર સર્વેથી શ્રેષ્ટ શોધકમાંનો એક અને ડાર્વીનનો સાથી છે. એ વિદ્વાન ઉંચી હોશદાર શકિતઓના પાસબાની કરનાર કામને ખાકી દુન્યા ચલાવનાર મુખ્ય કાયદાઓના ઘણા અગત્યના ભાગ તરીકે કબુલ કરે છે. આ ઉપરથી પારસીઓ પોતાના અમશાસ્પંદ અને યજદોનાં પાસબાની કરવાના કામની અગત્યતા જોશે.

આકાશી દસાતીરને આધારે

એવા ફરેશતાઓ અથવા હોશદાર શકિતઓની સંખ્યા અગણીત છે; "ભારે ફરતા સેતારાઓ (અચલ સેતારાઓ) અસંખ્ય છે; અને દરેકને હોશ, રવાન, અને શરીર હોય છે. અને એજ પ્રમાણે આકાશો અને ગ્રહોના દરેક જુદા જુદા ભાગને હોશ અને રવાન હોય છે. હોશ અને રવાનો, સેતારા અને આકાશો વગેરેની સંખ્યા વીશે તો યઝદાંજ જાણે." તોપણ

અવસ્તા સાહીત્ય પ્રમાણે

આ ફરેશતાઓ, કે જેઓ અમશાસ્પંદો અને યજદો તરીકે ઓલખાય છે, તેઓ સાત મોટાં મીનોઇ શકિતઓનાં અંજુમનમાં વહેંચાયલા છે, જેઓનો વડો અહુરમજદ છે. અને એ મીનોઇ શકિતઓના મંડળમાંના દરેકને કેટલાક હમકાર અથવા સાથે મલી કામ કરનાર હોય છે. જેમ કે:—

અહુરમજદ—દેપાદર, દેપમેહર, દેપદીન.

બેહમન—મોહર, ગોશ, રામ.

અરદીબેહેશત—આદર, શરોષ, બેહરામ.

શહેરેવર—ખુર, મેહર, આસમાન, અનેરાંન.

અસપન્દારમંદ—આવાં, અર્દ (અરશીસ્વંઘ), મારેસ્પંદ

ખુરદાદ—તીર, અરદાફરવસ, ગુવાદ.

અમરદાદ—રસ્નુ, આસ્તાદ, જમ્યાદ.

આ નામોમાંના પેહલા અમશાસ્પંદો તરીકે ઓલખાય છે, અને તેઓની પાસેનાં નામો તેઓના હમકાર તરીકે જણાયલા છે.

બેરેઝદ, હોમ, અને દહમ સદરહુ ૩૦ થી સ્વંતત્ર યજદો છે,

અને તેઓ બધા સાથે મલી પવીત્ર ૩૩ ફરેશતાઓ થાય છે. અહિં ધ્યાનમાં લેવું અગત્યનું થઇ પડશે કે આ સંખ્યા હીંદુઓના "અથર્વ વેદ"માંના "અઇતર્ય" અને "શતપથ બ્રહમન"માં અને "રામાયન"માં જણાવેલા દેવતાઓની સંખ્યાને મલતી આવે છે, જેના અજાયબ જેવા એકમળતાપણા વિશે ડા૦ હાઉગે આપણું પહેલ વહેલું ધ્યાન ખેંચ્યુ હતુ. હીંદુઓનું આ દેવતા મંડળ ક્રીસ્તીઓના ફરેસ્તા, થ્રોન્સ, ડૉમીનોસ, અને પ્રીન્સીપેલીટીસના ઇશ્વરી મંડળો તરીકે ઓલખાયલું છે.

દુન્યાના સઘલા ધર્મોમાં સામાન્ય રીતે

આ દેવતાઓ વીશેનું ઇમાન જળવાયલું છે, કે જે ધર્મોના સ્થાપનારાઓ, હાલના ધર્મી રસમોને સુધારવાનુ ડોલ ઘાલનાર શખ્સો કરતાં ડહાપણ અને જ્ઞાનમાં બેશક અપરમપાર દરજજે ચઠીયાતા હતા. જયારે એવા સુધારાવાલાઓ, જેઓ ધર્મી શીક્ષકો હોવાનો દાવો કરે છે, તેઓ એવી ફરેસ્તાઇ હસ્તીઓ ના કબુલ કરે છે, અને એવું કહેવા નીકળે છે કે એવી શકિતઓ માત્ર વહેમી ભેજાંઓમાંથી ઊતપન્ન થયલી છે, ત્યારે તેઓ ખાલેશ મીનોઇ સચ્ચાઇઓ વીશેનું પોતાનું માત્ર અજ્ઞાનપણું દેખડાવે છે, એટલુંજ નહિ પણ હાલના પ્રખ્યાત યુરોપીયન વિદ્વાનો એ બાબદ ઉપર જે વિવેચન કરે છે તે વીશેનું પણ તેઓ અજ્ઞાનપણું જાહેર કરે છે. આ તકરારનું મુખ્ય મુળ "God" (ગૉડ) શબ્દના અર્થ ઉપરથી ઉત્પન્ન થાય છે, જે શબ્દને ધર્મ મંડળને લગતી રસમે કુલે પેદાયશના અસલ મુળને લાગુ પાડયો છે. મીનોઇ સચ્ચાઇ જે ગમે તે નામ હેઠલ ઓલખો તોપણ તે જાતે ભીતરમાં એક છે તે વાત જાણ્યા વગર શબ્દોના ફકત ફેરફાર અર્થે માણસોએ ઝનુનથી એક બીજા સાથે લડાઇઓ ઉઠાવી છે અને માર્યા ગયા છે. માટે આ કુદરતમાં હસ્તી ધરાવતી ઉંચ શકિતઓને આપણે અમશાસ્પંદો, યજદો, દેવતાઓ અથવા ફરેસ્તાઓના કોઇપણ નામ હેઠલ ઓલખ્યે તો તેમાં કાંઇ હરકત નથી.

હવે જો અમશાસ્પંદો અથવા યજદો જેવી માણસ કરતાં વધારે ચઠીયાતી કોઇ પણ શકિતઓ હૈયાતી ધરાવતી હોય; જો તેઓ માણસ જાતનું ભલું કરતી હોય; જો માણસજાત આ પવીત્ર શકિતઓ ઉપર આધાર રાખવા પોતાના કર્મોથી બંધાયાં હોય, તો પછી તેઓને આરાધવુ, તેઓની સેતાયશ કરવી, તેઓની સ્તુતી અને વખાણ

ગાવી એ શું ડહાપણ ભરેલું નથી? કેટલાક માણસોને પોતાના જાતી લાભ અર્થે બીજા માણસોને નમસ્કાર કરતા, વખાણ અથવા સ્તુતી ગાતા, ખુશામતો કરતા, આપણે જોઇયે છીએ; આપણે એવાં માણસો કે જેઓ થોડાકોને લાભકારક અને મોટા ભાગને નુકશાનકારક નીવડયા હોય તેઓના માનમાં મેજબાનીઓ અને ખાનીપાનીઓ થતી જોઇએ છીએ; ત્યારે શું જે પવીત્ર શકિતઓ આખી જગતને લાભકારક નીવડે તેઓના માનમાં આપણા સ્વાર્થનો કાંઇ પણ ભોગ આપવો એ ડહાપણથી ઉલટું ગણાય? જેમ એક પ્લેટો અથવા એક એરીસ્ટોતલ, એક ડાર્વીન અથવા એક હક્સલીની મનશકતીનો ખ્યાલ વટીક કરવાને એક કીડો અશકત છે, તેમજ માણસજાત પોતાની જડ હાલતમાં આ હોશદાર શકિતઓ વીશે વિચાર કરવાને પણ અશકત છે. તોપણ આ હોશદાર શકિતઓ ઉપર અસર કરી શકાય એવાં કેટલાંક અચુક સાંધનો આપણી પાસ છે. જે ઉપાયોથી તેઓની ઉપર અસર કરી શકાય તે જુદી જુદી જાતની

ધર્મને લગતી ક્રિયાઓ

છે. આ સાંધનો માટે આપણે કાંઈ પણ જાણીયે તે આગમચ આપણી બાબદને સહેલી કરવા સારૂ વિજલીક રોશનીથી સંદેશા ચલાવવાની હાલની રીતની સહેજ સમજ અત્રે અગત્યની છે. વિજલીક યંત્રમાંથી રોશનીનો એક પ્રવાહ આકાશ ઉપર ફેંકવામાં આવે છે, અને તેના ચમકારા એકથી બીજી બાજુ પર ઝડપથી ફરતા દેખાય છે, જે મજકુર યંત્રથી દુર વસનાર કોઇપણ શખ્સો જોઇ શકે છે. અત્રે માણસના ઇરાદા મુજબના રોશનીના કીરણો આકાશ ઉપર અમુક હીલચાલોથી જાહેર કરવામાં આવે છે, અને તેનો પ્રતીબીંબ રોશનીનાં કીરણોની મજકુર હીલચાલોની મતલબ સમજનાર કોઇપણ ગમે એટલા દુર વસ્તા શખ્સને વટીક તે કીરણ ફેંકનાર માણસનાં મનની મતલબ સમજાય છે. આજ પ્રમાણે એક મોબેદ યાને ધર્મ ક્રીયાઓમાં સંપૂર્ણતા પામેલો એક ઉસ્તાદ નર ક્રિયા કરતી વેળાએ ચોકસ

માંથ્ર

યાને અમુક રીતે ગોઠવેલા શબ્દોના કલામો ભણે છે, કે જે ગોઠવણી મુજબના શબ્દોના અવાજો અને તેઓથી ઉત્પન થતી ધ્વની તેમાં સમાયલી શકિતને લીધે આકાશમાં ચોકસ અસરો ઉત્પન કરે છે. આ માંથ્ર, ઉપર દર્શાવ્યા મુજબનું માણસ અને ઉંચ શકિતઓ વચેના સંબંધનું એક

સાધન છે. એને લગતો વિચાર "ઇટ્વાર ડલા માઝી" નો વિદ્વાન કર્તા પી. ક્રીસ્ચીઅન એવી તો સરસ રીતે દર્શાવે છે કે તે એમનું એમ અત્રે ઉતારી લેવુ દરૂસ્ત ધારવામાં આવે છે:—

"જ્યારે આપણું મન અમુક વિચારને ઉત્પન કરે છે, ત્યારે તે વિચારને જાહેર કરનારી નિશાન પોતાની મેળે આકાશ, જે તમામ હસ્તીઓને જાહેર રૂપ આપનાર આયના સમાન છે, તેની ઉપર પ્રગટ થાય છે.

"અમુક નિશાન અમુક ચીજનો ખ્યાલ આપે છે, કે જે ચીજ તે નિશાંનનાં ભીત્તરમાં સમાયલી હોય છે.

"એક શબ્દ ઉચ્ચારવો તે એક વિચારને જાગૃત કરીને તેને હાજર કર્યા બરાબર છે. માણસજાતની વાચાની આકર્ષણીક શકિત ગેબી દુન્યામાંની દરેક જાહેર હસ્તીની શરૂઆત જેવી છે. એક નામનો ઉચ્ચાર કરવો તે એક હસ્તીનું વર્ણન આપવા બરાબર છે, એટલુંજ નહિ પણ, તેને શબ્દ-ઉચ્ચારણથી એક યા વધુ ગેબી શકિતઓની અસર અને કાબુ તળે મુકવા જેવું છે. હરકોઇ ચીજોને નામ આપતી વેળાએ તે નામ તેઓને જેવી રીતે વર્ણવે છે, તેવી રીતે તેઓ આપણી સનમુખ રજુ થાયછે. દરેક માણસનો શબ્દ યા વાચા, તેને નહિ જણાય એવી રીતે તેનાં સંબંધમાં એક દુઆ યા શ્રાપ સમાન થઇ પડે છે. વીચાર અને ખાકના ગુણો માટેનું આપણું હાલનું અજ્ઞાનપણુ આટલાજ માટે આપણને અતી નાશકારક થઇ પડેછે.

"બેશક, નામો (અને શબ્દો) સારી કે માઠી અસર ધરાવનારા હોય છે; તેઓ ચોક્કસ મતલબમાં તેઓના તત્વો યાને જે અક્ષરોથી તેઓ બનેછે તેઓને ઇશ્વરી ડહાપણના કાયદાની રૂએ મળેલી છુપી અસરો મુજબ અને તે અક્ષરોને મળતી સંખ્યા મુજબ, યાતો તનદરોસ્તી આપનાર કે તેથી ઉલટુંજ મોત લાવનારા થઇ પડે છે."

અહિયાં મારા જરથોસ્તી ભાઇઓ તેઓનાં ધર્મમાં મનશ્નની, ગવશ્નની, કુનશ્નની મુજબ વર્તવાને નાંખવામાં આવેલી ફરજનો સબબ જોઇ શકશે. જે શખ્સો મીનોઇ સચ્ચાઇઓમાં જોવાની મનોદ્રષ્ટી ધરાવે છે તેઓને સદરહુ ટુંક વાકયો ઉપરથી માલુમ પડશે કે તેઓના માંથ્રીક કલામો ચોક્કસ સંખ્યામાંજ શા સારૂ ભણવામાં આવે છે.

યજદો અને માણસો વચ્ચે આ માંથ્ર અથવા ચમતકારીક આ-

વાજો ચોકસ અસરો કેવી રીતે ઉપજાવે છે તે સમજવા જેવી હાલતે આવવા પહેલાં હાલની જડ વિદ્યાને આધારે એક બીજું ઉદાહરણ આપવાની જરૂર દીસેછે.

આજની વિદ્યાની અજાયબીઓમાંની એક અજાયબી રોશનીના કીરણને અવાજમાં બદલી નાખવાને લગતી છે. રોશનીનાં એક કીરણને એક લેન્સની મારફતે એક કાચનાં વાસણ ઉપર લઈ જવામાં આવે છે, કે જે વાસણમાં દીવાની મેસ, રંગીન રેશમ, સુતર અથવા એવીજ બીજી ચીજો નાખેલી હોયછે. ત્યાર બાદ બારીક ફાટવાળી એક ગોળાકાર પ્લેટને પેલાં રોશનીનાં કીરણ ઉપર ગોળ ચક્કર ફેરવવામાં આવે છે, કે જેથી કરીને પેલું કીરણ એવી રીતે કપાઇ જાય છે કે તેમાંથી રોશની અને રંગીન ચમકારા એકેક પછી નીકળે છે. આ રીતે કરીને, પેલાં કાચના વાસણ આગળ કાન ધરતાં, જ્યાંસુધી પેલાં કીરણના ચમકારા તેની ઉપર પડતા રહે છે ત્યાંસુધી તેમાંથી અજાયબ જેવા અવાજો આવતા રહે છે. આજ ચમત્કારીક શોધને બીજી રીતે તપાસતાં તે હજી વધુ ખેંચાણકારક થઈ પડેછે. આફતાબની રોશનીનાં એક કીરણને અમુક આકારવાળા એક કાચની મારફતે પસાર કરવામાં આવે છે; અને પછી પેલી પ્લેટને ફેરવતાં પેલું રંગીન કીરણ કપાઈ જાય છે. આ ભાગેલાં કીરણો પેલાં કાચનાં વાસણ ઉપર પડવા દઈ, તે વાસણ આગળ કાન ધરતાં, પેલાં કીરણના ચોક્કસ ભાગોથી અવાજ નીકળતો અને ચોક્કસ ભાગોથી શાંતી પથરાતી માલમ પડે છે. દાખલા તરીકે જો પેલાં વાસણમાં લાલ સુતર હોય અને તેની ઉપર લીલી રોશનીનો ચમકારો પડે છે તો તેમાંથી મોટા અવાજો સંભલાય છે. જો લાલ અને બલુ રોશની પડે છે તો ધીમા અવાજો બહાર પડે છે. લીલું રેશમ અને લાલ રોશની જોડાયાથી બહુ ઉત્તમ અવાજ નીકળે છે. આ ઉપરથી બનવાજોગ છે કે આ શોધનાં ભીતરમાં કાંઈ સમસ્વરતાનો નવો કાયદો સમાયલો હોવો જોઈએ; અને આ રોશની અને અવાજની શોધથી રીમીંગટનના અવાજના રંગોના અંતરામાંથી કાંઈ નવો કાયદો ઉત્પન થશે, કે જે ગાયન કળાનાં ધોરણને તદન નવું બનાવી નાખશે. આ શોધ હજી તેનાં બચપણમાં છે, છતાં એવી એક શોધ થઈ છે, એજ હકીકત ભવિષ્યનાં કાંઈક અગત્યનાં પરિણામોની આશા આપે છે.

ઉપલો પેરેગ્રાફ "ઇન્વેન્શન" નામના અમેરીકાના એક વિદ્યાને લગતાં પત્ર ઉપરથી લીધો છે. વળી આવાજ ઉપર "જગતના બંધારણ" વીશે મીસીસ બેઝંટનો નીબંધ, મીસીસ વૉટસ હયુઝના "આવાજથી ઉત્પન્ન થતા આકારો," "રોશની અને રંગના મુળ તત્વો" વીશે પ્રોફેસર એબીટનો ગ્રંથ, તેમજ પ્રોફેસર ટીનડલનું "આવાજ" વીશેનું પુસ્તક, આવાજની ઉત્પન કરનારી અથવા નાશ કરનારી શકિતનું જ્ઞાન મેળવવા ચહાનારાઓને બહુ અગત્યનાં થઇ પડશે.

આ ઉપરથી આપણે જોઇએ છીએ કે રોશની જ્યારે એક કાચના ટુકડામાંથી પસાર થાય છે ત્યારે તેનું રૂપ રંગોમાં બદલાઇ જાય છે; અને વળી તે આવાજમાં ફેરવાઇ જાય છે; અને એજ પ્રમાણે આવાજોને રંગોની જુદી જુદી જાતોમાં બદલી શકાયછે. આવાજની હીલચાલથી "ઇથર" અથવા આકાશી દુન્યામાં રંગો ઉત્પન્ન થાય છે, કે જે

ફરેસ્તાઓની ભાષા

કેહેવાય છે. "ગેબી દુન્યા" એવે નામની કેતાબમાં એક મહાન નર જણાવેછે કે:—"આ અર્ધ હોશદાર શકિતઓ વીશે તમો શું સમજી શકશો, બલકે શું સત્તા વાપરશો, કે જેઓના આપણી સાથના વહેવારના સાંધનો ઉચ્ચારેલા શબ્દોથીજ નથી થતા, પણ આવાજ અને રંગના એક બીજા સાથના મેલાપની હીલચાલથી ઉત્પન્ન થાયછે." જેમ માણસ જાતના ખુરેહ*નાં રંગની સમસ્વરતા ખરા દીલથી ઉચ્ચારેલા માંથ્રના ઉચ્ચારથી પવીત્ર ફરેસ્તાઓની ભાશા બનેછે તેમ આ કાયદો માણસ અને કુદરતની હોશદાર શકિતઓના સંબંધમાં એક સરખી રીતે ખરો ઠરેછે. દરેક આવાજ અને વીચારથી ખુરેહ માંહેલા રંગની સમસ્વરતા બદલાઇ જાયછે; અને જો શબ્દોને એવી રચનામાં ગોઠવવામાં આવ્યા હોય કે જેથી ઘોંટાલા ભરેલી હીલચાલ ઉત્પન્ન થાય તો ખુરેહ માંહેલો રંગ યજદોને એક મલતો હમસાઝ થઇ શકે નહિ.

---

*જ્યારે મેસમરે મેસમેરીઝમ અથવા પ્રાણી લોહચુંબક વિદ્યા વીશે લોકોને જાણીતાં કીધા ત્યારે તેને હસી કાઢવામાં આવ્યો હતો. પશ્ચીમ તરફના રહેવાશીઓને તે એક નવી શોધ લાગતી હતી, તો જોકે પુરાતન વખતમાં તે આર્યનોને માલુમ હતી. હાલના યુરોપના વીદ્વાનોની જ્યારે તે વીશેની ખાતરી થઈ ત્યારે તેને તે નામે ઓળખવાને શરમાયા, અને તેને 'હીપનોટીઝમ'નું નવુ નામ આપ્યું. હવે આપણને રીકેનબેકની "પ્રકાશીત રોશની" અને "ચક-ચકીત કીરણો" બાબે સમજાવવામાં આવે છે, કે જેને માટે એવું કહેવાયલું છે કે તે જુદા જુદા રંગ ધરાવે છે અને દરેક માણસના શરીરથી ૬ થી ૮ ફીટ સુધી (? ઇચો સુધી) ફેલાય છે. આ સઘલાં ઉપરથી એવું પુરવાર થાય છે કે અવસ્તામાં જણાવેલી "ખરેન્ઘહંત" અથવા "ખુરેહ" નામની રોશની અને થીઓસોફીકલ સાહીત્યમાં જણાવેલો "ઓરા" એ બંન્નેમાં સચ્ચાઈ છે. આ નીબંધ વંચાઈ રહ્યા પછી ત્રીજેજ દહાડે "ટાઈમસ ઑવ ઈન્ડીયા" પત્રના ૨૦ મી મે ૧૮૯૬ નાં અંકમાં અધીપતીના લખાણમાં "લાગ-ણીનુ જાહેર થવું" એવાં મથાળાં હેઠલ એક બાબદ આવી હતી કે જે બાબદથી 'ખુરેહ' વીશે ઉપર જણાવેલા વીચારોને ટેકો મલે છે.

અસલી વિચારના લોકો ઝંદ, સંસ્કૃત અને એવીજ બીજી ભાશાઓ કે જેમાં પુરાતન ધર્મપુસ્તકો લખાયલાં છે તેને પવીત્ર ગણેછે. આ અસલી વિચારના લોકો જો કે પોતાનુ કહેવું સમજાવી શકતા નથી, તોપણ તેઓ હમેશાં અંતર લાગણીથી સમજેછે કે પવીત્ર સાહીત્યમાં લખાયલી માંથ્ર બંદગીને લગતા શબ્દ અથવા વાકય અથવા તેઓના રૂપમાં વટીક ફેરફાર થઇ શકે નહીં; તેઓ ચાલુ ભાશામાં કીધેલી તરજુમા રૂપી બંદગી ના પસંદ કરેછે. એ વિશેની દલીલ સોધવા સારૂ વધારે દુર જવું પડશે નહીં. સમજાતી ભાશાની બંદગીના ઉચ્ચારથી આકાશ અથવા ઇથરની ઉંચી હાલતોમાંની એક હાલત ઉપર ઉત્પન્ન થતા રંગો—"ફરેસ્તાઓની ભાષા"—ની જોઇતી સમસ્વરતામાં ઘોંટાલો થાયછે, અને પવીત્ર માંથ્રના બનાવનારની નેમ ઉલટાઇ જાયછે. એટલાજ માટે એ ગુજરાતી ભાષામાં થયલી કહેવાતી "બંદગી"ઓ, તેમજ અવસ્તાના તરજુમાઓ, જયાંસુધી તેઓ પોતામાં ખુદાઇ ચમત્કારીક અસરો સમાવે નહિ, ત્યાંસુધી નકામી અને બીન જરૂરની ઠરેછે.

શરતો.

પવીત્ર યજદોની આરાધણા માટે જે શરતો પાળવી જોઇએ, તે ઉપર હવે આપણે આવ્યે. જો એક રસાયન શાસ્ત્રી વીજળી ઉત્પન્ન કરવા માંગે તો તેણે કેટલાક રસાયની તત્વો તૈયાર કરવા જોઇએ અને તેમાં કેટલીક ધાતુની પ્લેટો મુકવી જોઇએ કે જેને ઉત્પન્ન થતી વીજળી ખેંચી લાવવાને માટે તારોની મદદથી જોડે છે. તેજ પ્રમાણે એક મોબેદ, જે પોતાનાં કામમાં એક યજ્ઞ શાસ્ત્રી જેવો, એટલે કે તે બાબદને લાયક પહરેજગાર માણસ હોવો જોઇએ, તેણે ફરેસ્તાઓને પોતા તરફ ખેંચી શકે એવી રીતે આરાધવાને અસલી પરહેજગાર સાલેકોથી બનાવેલા માંથ્રો ભણવા જોઇએ તેમજ ક્રીયાની ગોઠવણ અને યોજના કરવી જોઇએ.

કેટલીક એવી ચીજો છે કે જે આ હોશદાર શકિતઓને પોતા તરફ ખેંચી કે દુર કરી શકે. જે ચીજો મીનોઇ ભલી શકિતઓની આમ દરફત કરનારી હોય, તેઓ ઘણું કરીને બુરી શકિતઓ જેઓ જરથોસ્તી ધર્મમાં દરૂજો અથવા દરૂજે નસુસ તરીકે ઓલખાય છે, તેઓને દફે કરનાર તરીકે લઇ શકાય; તેમજ જે ચીજો તરફ દરૂજો અથવા બુરી શકિતઓ ખેંચાઇ આવે છે તેઓ પવીત્ર યજદોથી

દુરી પામેલી હદે છે. જરથોસ્તી ક્રિયાઓમાં જે થોડી ઘણી ચીજોની અગત્યતા ગણવામાં આવે છે, તે આપણે અત્રે તપાસીશું. આપણે પેહલાં

આ ત શ

ઉપર આવ્યે. કોઇપણ ક્રિયા આતશની હાજરી વગર થઇ શકે નહિ, કોઇપણ ભોગ આ પવીત્ર આલાતની હાજરી વગર અપાઇ શકાય નહિ. આતશ વીશે ઘણુંક બોલવામા આવ્યું છે, અને ઘણુંક દરશાવવાનું રહ્યું છે. યજ્ઞ અથવા ભોગ આપવામાં આતશથી બજાવવામાં આવતા ભાગ વીશે વીવેચન કરી હાલ તો સંતોશ પામીશું. જ્યારે ખુશબોદાર સુખડ અને લુબાનથી આતશનું પોશન થયાથી તે દરૂજો અને એવીજ બીજી બુરી શકિતઓને દફે કરવાનુ એક સર્વેથી શ્રેષ્ટ સાધન ગણાય છે, ત્યારે ભલા યજદોનું ખેંચાણ કરવાનું તે એક મજબુત સાધન થઇ પડે છે. જુના કરાર પ્રમાણે આતશ ઉપર ખુદાના નામ હેઠલ ભોગો આપવામાં આવતા હતા, અને તેઓ ખુદાતાલા તરફથી કબુલ રાખવામાં આવતા હતા, કારણ કે ખુદ ખુદાની હસ્તી આતશમાં ગણવામાં આવતી હતી કે જેની ઉપર તે ભોગો આપવામાં આવતા હતા. પારસીઓ તેમજ હીંદુઓનો પવીત્ર આતશ—મુળમાં મીનોઇ હોશદાર આતશ—બ્રહ્મસ્વરૂપ યાને ખુદાઇ રૂપ છે. અને જ્યારે ખુદા હદ વગરનો આતશ (અથવા નુર) છે, ત્યારે જરથોસ્તી ક્રિયાઓમાં આરાધેલા યજદો અને બીજાઓ એક બેમીસાલ આતશના સોહલા સમાન છે. આપણે આપણા પીત્રાઇ ભાઇ હિંદુઓના ધર્મ પુસ્તકોમાંથી યજશને અને ક્રિયાઓનો આતશ સાથનો સંબંધ દેખાડવાને અત્રે એક બે વાક્ય ટાંકી દેખાડશું. ઋગવેદ તે બંદગીથી શરૂ થાય છે કે જેમાં આતશને સઘલા યજ્ઞોના ગુરૂ તરીકે સ્વીકારેલો છે:—

अग्निर्मीळे पुरोहितं यज्ञस्यदेव मृत्विजं।
होतारं रत्नधातमं ॥

અગ્નિ કે જે ઘણોજ પુરાતન, કુંટુંબનો ગુરૂ, યજ્ઞનો ખાવીંદ, મુખ્ય ધર્મગુરૂ યાને હોતરી (જોતી), રોશનીનું મુળ, તેને હુ આરાધું છું."

વળી સરભોપનીશદમાં જણાવે છે કે:—

ब्रह्मार्पणं ब्रह्महवि: ब्रह्माग्नौ ब्रह्मणाहुतं,
ब्रह्मैवतेनगंतव्यं ब्रह्मकर्मसमाधिना.

"અગ્નિ કે જેની ઉપર ભોગ આપવામાં આવે છે તે, ભોગ જે અગ્નિ ઉપર આપવામાં આવે છે તે, અને જે ધણી ભોગ આપે છે તે, સર્વ બ્રહ્મ (ખુદા) છે."

આપણુને હજી બીજી ચીજો તપાસવાની હોવાથી આ બાબદનાં વધારે ઉંડાણુમાં જઇશું નહી; આ ચીજો

ફુલ અને ફળ ફળાદી

છે. કેટલીક જરથોસ્તી ક્રિયાઓમાં ફુલ ફકત અગત્યતા ધરાવે છે, જ્યારે બીજી કેટલીક ક્રિયાઓમાં તેઓને અમુક નેમેલી રીતથી ગોઠવવામાં આવે છે. ફુલો અમશાસ્પંદો અને યજદો વચ્ચે જે સંબંધ ધરાવે છે તે વીશેનું થોડુંક જ્ઞાન આપણુને "બુન્દેહશ"માંથી મળે છે. "ખુશબોદાર ફુલનાં ઝાડો જે માણસની મહેનતથી જુદી જુદી રૂતુ ઉપર ઉગે છે, અથવા જે હંમેશ તાજાં થડ અને નવા પીલા અને ખુશબોદાર ફુલો ધરાવે છે, જેવાં કે ગોલાબ, નરગેસ, ચંપેલી, નેસ્તારૂન, ગુલબાબા, કવસ્તીક, કેદી, ચંપા, હેરી, કરોકસ, ઝર્દ, વાયોલેટ, કાર્દ, અને એવાંજ બીજાં, તેને ફુલો કરી કહેવામાં આવે છે."* જરથોસ્તી ક્રિયાઓમાં જે ફુલો વાપરવામાં આવે છે તેનું આ વર્ણુન છે. તેજ બાબતમાં આગલ ચાલતાં જણાવવામાં આવે છે કે દરેક ફુલ જેમ ઊપર જણાવ્યું તેમ દરેક અમશાસ્પંદનુ અને ફરેસ્તાનુ પસંદ કીધેલું હોય છે. આ ફુલોના નામો તેમજ બીજા ફુલોના નામો જે બીજા યજદોને અર્પણ થયલાં છે તે તે બાબમાં આપવામાં આવ્યાં છે.† ‡ બીજી શરતોની સાથે સાથે આ ફુલો ભલી હોશદાર શકિતઓને પોતા તરફ ખેંચવાને એક જાતનું સાધંન છે. જરથોસ્તી ક્રિયાઓમાં જે ચીજો સમાયલી છે તેમાં ઉપર વર્ણવેલા ફુલો, કેટલીક ખાસ લીલી અને સુકી ફળ ફળાદી, તેમાં મુખ્યતવે કરીને દાડમ જે જગતનું એક આલાત ગણાય છે તે, સ્વચ્છ પાણી તથા સુગંધી સુખડોથી બલતો આતશ એઓ મુખ્ય છે. ફળ ફળાદી યજદોને અર્પણ કરવાની ચીજો અથવા

---

* બાબ ૨૭, (૧૧.)   † બાબ ૨૭, (૨૪.)

‡ મોબેદના છોકરાઓની અમુક સંખ્યાને જરથોસ્તી ક્રિયાઓ શીખવવાને દશતુર જામાસ્પજી મીનોચેહરજી તરફથી તરતનીજ સ્થાપાયલી સ્કુલના અભ્યાસીઓએ બાબદ અભ્યાસ કરવાને લાયક છે.

ભોગ સમાન છે, કે જે ક્રિયા તમામ થયા પછી "ઈન્જાયલી" ગણાય છે. તોપણ ગુપ્ત વિદ્યાને આધારે જોતાં કેટલીક

વાંધા ભરેલી ચીજો

અમુક ક્રિયાઓમાં કેટલાક કુટુંબો તરફથી અર્પણ કરવામાં આવેછે, તેટલા માટે તે ક્રિયા કદી જરથોસ્તી ક્રિયા તરીકે ગણી શકાય નહીં. પવીત્ર ક્રિયાઓમાં જાનવરોનાં માંસમાંથી તૈયાર કરેલાં ભોજણ અને કેફી પીણાં, જે બુરી શકિતઓ અથવા દરૂજોને પોતા તરફ સીધી રીતે ખેંચેછે અને તેટલા માટે પવીત્ર યજદોને પોતાથી દુર રાખવાના સાધનો ગણાય છે, તેવી ચીજો અર્પણ કરવાની રસમ કેમ દાખલ થઇ તે કહેવું ઘણુંજ ગુચવાડા ભરેલું છે. કદાચ તેનું કારણ યજશનેના ચોકશ ફકરાને લીધે હોય. યજશનેના ૧૧ માં હામાં એક ફકરો આવેછે, કે જે નીચે પ્રમાણે છે:—

ઉસ મે પીત હઓમાઇ દ્રઓનો ફ્રેરેંનઓત
અહુરો મઝદાઓ અષવ હંવઉહરેને મત હીઝવો હોયુમ્ચ દોઇથ્રેમ.

"પવીત્ર પીતા અહુરમજ્દે જીભ અને ડાબી આંખ સાથે હોમનો એક ભાગ ખાવાને મને આપ્યો."

આ ભેદી ફકરાનો પારસી મોબેદોથીજ નહિ પણ વળી પશ્ચીમ તરફના જબાનસનાશોથી પણ ઘણોજ ખોટો અર્થ ઉઠાડવામાં આવ્યો છે. એ મોબેદો ઉપર ટપકેનો અર્થ કરીને હોમની ક્રિયા કરતી વખતે હમણાસુધી પોતાની પાસે કાપેલા બકરાં અથવા મેંઢાંની મુડી અને બીજા ગોસ્તના કટકા રાખતા હતા અને એથી કરીને એક સર્વેથી શ્રેષ્ટ અને પવીત્ર ક્રીયાને અજાણપણે તેઓએ જાદુગરીમાં બદલી નાખી હતી. અવસ્તામાં જ્યાં જ્યાં આવા ફકરાઓ આવેછે, ત્યાં ત્યાં તેઓ પવીત્ર આલાતરૂપી અને ભેદી અર્થ ધરાવેછે. જ્યારે જરથોસ્તી ધર્મ સઘળાં ગોસ્પંદો, ગાયો, બકરાંઓ અને એવાજ બીજા ઉપ્યોગી જાનવરોની પરવરશી કરવાને અને તેઓની સંભાલ લેવાને વારંવાર આગ્રહ કરેછે, ત્યારે એવા જાનવરોની જીંદગી ખુંચવી લેવી, અને તેઓને જબેહ કરવાં, એ જરથોસ્તી ધર્મના મુળ કાનુનોથી તદનજ ઉલટું છે. આવી તદનજ ખુલ્લી અને દેખઇતી બીના છતાં પશ્ચીમ તરફના વિદ્વાનોએ અને અવસ્તાના બીજા તરજુમા કરનારાઓએ આ ફકરાની સમજણ આપવામાં કેવી કઢંગી અને ગંભીર ભુલ કીધી છે તે દર્શાવવાનુ કામ કઠણ નથી.

મો. સી. ડી. હાર્લેએ ઉપલા "હંઘઊહરેને" બોલનો તરજુમો આપતાં "ખાવુ" શબ્દને બદલી "કાન" શબ્દ વાપરયો છે, જેને વાસ્તે તે એવું જણાવેછે કે અવસ્તા ઝંદ ભાશાનો તરજુમો કરનાર આગલા પારસીઓની દંતકથામાં તેવીજ રીતે તે વપડાયો છે. કમભાગ્યે તે લખનાર તે વાકયની છેડે પોતા તરફથી (ગોશપંદનો) કરીને શબ્દ કૌંશમાં લખેછે, જેથી તેની સમજ "ગોશપંદનો કાન, ડાબી આંખ," ઇત્યાદી થાયછે, કે જે સમજણુ મજકુર ફકરાના અશો કર્તાની મુળ નેમનો સદંતર ભંગ કરેછે. વળી સ્પીગલ અને બલીકના અવસ્તાના તરજુમામાં ઉપલાજ વાકયની ઉપર શરેહ કીધેલી જોઇએ છીએ, જેમાં તે જણાવેછે કે: "આ ફકરા ઉપરથી દીશેછે કે અસલી જમાનામાં 'હોમ'ને આખી મુડી નહીં પણ ફકત ડાબી આંખ અને જીભ અર્પણુ કરવામાં આવતી હતી." એ રીતે દરૂજી પરસ્તેશ કે જે પારસી મોબેદોથી અજાણપણે ઉલટી સમજને લીધે બજા લાવવામાં આવતી હતી તેને તેઓ ટેકો આપેછે. મોબેદો કે જેઓ લાંબો વખત થયો પોતાનાં અવસ્તા સાહીત્યના ભેદો ખુલ્લા કરવાની કુંચી ખોઇ બેઠા છે તેઓ ગાફેલ બની ગયા હતા કે જરથોસ્તી ક્રિયાઓનો મુળ હેતુ અને નેમ એવી જાદુઇ પરસ્તેશની અત્યંત સામે છે. આ અને એવાજ બીજા ફકરાઓને પારસી કોમના જાનવરી માંસહાર હીમાયતીઓ માંસ ખાવાની તરફેણમાં અવસ્તાઇ સત્તા તરીકે ગણેછે, તો જો કે આખી **યજશને**માંથી એવા ઘણાએક ફકરાઓ મળી આવશે કે જે ગરીબ, નીરદોષ ગોસ્પંદો ઉપર દયા લાવવાને અને તેઓનું પોષન અને બચાવ કરવાને દરેક જરથોસ્તી ઉપર ફરજ નાખેછે.

ગુપ્ત વિદ્યાને આધારે જોતાં આ બોલોના ભીતરમાં કાંઇક નુરમંદ રોશની સમાયલી માલમ પડશે. આપણે યાદ રાખવું જોઇએ કે હોમ 'મઝદ' એ ઉત્પન્ન કરેલું પવીત્ર "જીવનુ" ઝાડ કાંઇ આ પૃથ્વી ઉપર ઉગતુ નથી, અને તેટલા માટે તે દુન્યવી નથી; અને તે ઉપર અર્પણુ થયલા અવ્યવો કાંઇ ખાકી અવ્યવો નથી.* ગુપ્ત વિદ્યાને આધારે દરેક માણસની ડાબી આંખ આકર્ષણીક રીતે મગજના અમુક અવ્યવ સાથે નીસબત ધરાવે છે, કે જે વળી માણસના ચોકસ તત્ત્વ સાથે સંબંધ રાખેછે. એ-

* ૧૮૯૫ ના ફેબરવારી માસના 'લ્યુસીફર'ના અંકમાં, અને ૧૮૯૫ ના માર્ચ મહિનાના 'ધી થીઓસોફીસ્ટ'નાં અંકમાં પવીત્ર હોમ વીશેની મારી બાબદ વાંચો.

તત્વો અમુક યજદો જેવા કે સરોષ, હોમ, અને "અહુરમજદના પુત્ર આતશ" સાથ વહેવાર રાખેછે; જેઓ જરથોસ્તી ક્રિયા તેમજ ભણતરમાં અગત્યનો ભાગ બજાવેછે. જીભ અને બીજા અવયવોની સમજણ પણ એજ રીતે આપી શકાય. પણ આ બાબદ ફકત યોગને લગતી હોવાથી લંબાવવી નકામી છે. એટલું કહેવું બસ થશે કે, આ "પવીત્ર ઝાડની" દાંખલીઓ હેઠલ કરશીપ્ત પક્ષી (રવાન) "પક્ષીઓની ભાશામાં અવસ્તા"* ભણે છે.

હાલના પારસીઓમાં થતી કેટલીક ક્રિયામાં માંસ અને દારૂનો હદીયો, આજે મારા પારસી ભાઇઓ તેઓની ધર્મીક બાબદોમાં પછાત શા માટે છે તેનું એક કારણ છે. જ્યારે બુરી શકિતઓનું ખેંચાણ માણસ જાતની મીનોઇ વૃદ્ધિને નુકશાનકારક ગણાય છે, ત્યારે આ બાબદ ઉપર તેઓએ ઘણો ગંભીર વિચાર કરવો જોઇએ. જરથોસ્તી ધર્મના મુળ કાનુનને આધારે લોહી અને દારૂ અથવા માંસ અને કેફી પીણું એ વગેરે ચીજોનો વપરાસ મના કરવામાં આવ્યો છે, જે **યજશનેના** નીચલા ફકરાઓ ઉપરથી માલમ પડશે:—

અએઇબ્યો મઝદાઓ અકા સ્રઓત, યોઇ
ગેઉશ મોરેન્દેન ઉર્વાક્ષ-ઉખ્તી જયોતૂમ.

"ગોસ્પંદોને જબેહ કરવાને જેઓ સલાહ આપે છે તેઓને અહુરમજદ બુરા ગણે છે."—ગાથા અહુનવઇતિ (હા૦ ૩૨, ફકરો ૧૨ મો)

વીસ્પે ઝી અન્યે મધ્યાઓંઘહો અએષ્મ હચઇન્તે
પ્રવુ દ્વો આઅત હો યો હઓમહે મધોઅષ હચઇતે ઉર્વાસ્મન.

"બીજા સઘલાં કેફી પીનાઓ ખુનરેજી ભાલાના હુમલા સમાન છે, પણ હોમથી ઉશ્કેરનારી શકિત [યજદાંની] દોસ્તી સાથ નીકટ સંબંધ રાખે છે."—યજશને (હા૦ ૧૦, ફકરો ૮ મો.)

તમારામાંના કેટલાકોએ જોયું હશે કે હલકી વરણના લોકો દરૂજી શક્તિઓની પુંજા પાત્રીમાં જાનવરી લોહી અને કેફી પીણાનો ભોગ આપે છે; અને જો પારસીઓ આ બુતપરસ્તો કરતાં ધર્મને લગતી બાબદો સમજવા પોતાને વધારે ડાહ્યા અને કેલવાયલા કેહવાવા માંગતા હોય તો આ રસમને તેના મુળમાંથીજ દાબી દેવાને ઘણી આતુરતાથી

---

* બુન્દેહશ; બાબ ૧૯, ફકરો ૧૬ મો.

કોશેશ કરવી જોઇએ. પણ જો તેઓ આ નુકસાનકારક રેવાજ એમનો એમજ ચાલવા દેશે તો તેઓએ પોતાના ધર્મમાં કાંઇપણ સંગીન સુધારો થયલો જોવાની આશા રાખવી નહીં. એટલા માટે, પોતાની ક્રિયામાં ફાએદેમંદ યજદોને આરાધવા અથવા પોતા તરફ ખેંચવાને બદલે નાશકારક દરૂજો અથવા બુરી શકિતઓ જેઓ ધર્મ અને માણસજાત એ બન્નેને નુકશાનકારક છે તેઓને સંભવીક રીતે ઇજન કરતા હોય એમાં અચંબો પામવા જેવું કંઇજ નથી. અને એટલાજ માટે તેઓએ સઘલી પાકી પરહેજગારી અને પવીત્રાઇ કે જે જરથોસ્તી ધર્મના મુળ કાનુનો છે તેથી પોતાના હાથો ધોયલા હોવા જોઇએ. આ રેવાજ ત્યારે જરથોસ્તી રસમ તરીકે કદી પણ ગણાયજ નહીં, અને કોઇપણ ક્રિયા—જે આવી વાંધો ઊઠાવવા જોગ ચીજોનો સમાવેસ કરે છે—તેને પવીત્ર ક્રિયા કહી શકાયજ નહી, કે જે પવીત્ર ક્રિયાઓ હંમેશાં જગતના ભલાં અર્થેજ થતી હોય છે.

જરથોસ્તી ક્રિયાની બીજી શરત એ છે કે ભણતરની જગ્યા કે જ્યાં આ ક્રિયાઓ કરવામાં આવેછે તે કોઇપણ નાપાકી—પછી તે શારીરીક હોય યાતો હવાઇ હોય—તેનાથી સ્વચ્છ રાખવી જોઈએ. પારસીઓની શારીરીક પાકીજગી વીશે તો કાંઇ સવાલ છેજ નહીં. પણ આકાશી પાકીજગી અથવા પવિત્રાઇને માટેજ એક પારસી તે પવીત્ર જગ્યા આગલથી

પરજાત

ને દુર રાખવામાં આટલો ખંતી છે. જાણવું જોઇએ કે પરજાતને જરથોસ્તીઓ ક્રિયાઓમાં ભાગ લેવા દેતા નથી, એટલુંજ નહિ પણ ભણતરની જગ્યા આગલ વટીક આવવા દેતા નથી. પહેલી નજરે જરથોસ્તી ધર્મને એક આખી જગતના ધર્મ તરીકે લેતાં આ ક્રિયાઓ મતલબી અથવા ન્યાતીલી માલમ પડશે. પણ એક પવીત્ર ક્રિયાની શરત ઉમદા અશોઇ અથવા પાકી પરહેજગારી આ ખાકી ભુવન ઊપરજ નહિ પણ હવાઇ અથવા મનસીક ભુવન ઊપર પણ જાલવવાની છે. ભણતરની જગ્યાની બારીક આકાશી હવા ઉપરતી સમાધાની અત્યંત અગત્યની છે. હવે ધારો કે એક પરજાત જરથોસ્તીઓની મીજલસમાં અમુક ક્રિયા થતી વેલાએ હાજર હોય, અને અગર જો તે બાહેરથી તેઓની સાથ દીલસોઝ હોય પણ બાતેનમાં તે આખી ક્રિયા અથવા તેનો ચોકશ

ભાગ—અલબતાં તે ક્રિયામાં સમાયલી સચ્ચાઇઓ સમજવાને બેનસીબ હોવાથી—હસી કાઢે અથવા અણગમો બતાવે તો તે ભણુતરની જગ્યાની મનસીક ભુવન ઉપરની સમાધાનીમાં ગુચવાડો થાય છે, અને આ પ્રમાણે હમસાજ ન થવાથી, તે ક્રિયાની સરતમાં હરકત થાય છે, અને તેની અસર તુટી જાય છે. જો આજ સબબને લીધે અસલી વિચારના લોકો કાલે એવા ઠેકાણપર આવે કે એક જડવાદી પારસી કે જે તેઓની સાથ દીલસોજ ન હોય તેને તેઓની ક્રિયામાં ભાગ લેવા ન દેવો, તો હું ધારૂં છું કે તેઓ તેમ કરવામાં તદન વાજબી છે. આ બાબદ ધ્યાનમાં લેતાં મોબેદોનો અમુક વર્ગ મોબેદોનો બીજો વર્ગ જે ચોકસ બાબદોમાં તેઓથી મતફેર ધરાવેછે તેની સાથે ક્રિયા કરવાને ના પાડેછે, તેમાં તેઓ પણ વાજબી છે. એવી ક્રિયાઓથી પરજ્ઞાતને દુર રાખવાનું બીજું કારણ તેઓનો ખુરેહ જે જરથોસ્તી મત ધરાવનાર સાથ દીલસોજ હોતો નથી તે છે, કે જે વિશે અત્રે કાંઇપણ બોલવાનો વખત નથી.

જરથોસ્તીઓને લગતી ભણુતરની જગ્યામાં કરવામાં આવતી ક્રિયાઓ અમશાસ્પંદો અને યજદો, જેઓ જગતની હોશદાર, લાભકારક શક્તિઓ છે તેઓની આરાધણા, નમન, યાદ, સ્તુતી અને વખાણો હોવાથી

આખી જગતને લાભકારક

હોય છે, અને તેટલા માટે તેઓ એકલા મોબેદોના લાભ અર્થે તેમજ કોઇએક અમુક માણુસના એકલા ફાએદા અર્થે ગણાઇ શકાય નહી. જે માણુસ આ ક્રિયા કરાવેછે તે ગોયા પોતે આખી જગતનું સામાન્ય ભલું કરવામાં પોતાનો હીસ્સો આપેછે. જગતનું ભલું કરવાની ખાહેશથી જો તમો બારીકીથી અને તેમાં સમાયલી ખરી ખુબી સમજીને ક્રિયાઓ કરાવો, તો તે ક્રિયાઓમાં કાંઇપણ આપમતલબીપણું અથવા ગેર-લાભ ન હોવાથી તેઓ તમારી સહાયતાને લાયક છે. અમશાસ્પંદો અને યજદો જીવતા અને મરણ પામેલા પારસીઓનીજ ફકત રક્ષા કરતા નથી. ફરવરદીન યસ્ત કે જે અમુક ક્રિયા વખતે ભણુવામાં આવેછે તે તપાસતાં તમોને માલમ પડશે કે તુરાનીયનો, જેઓ તવારીખને આધારે ઇરાનીઓના કટા દુશમન જેવા જણાયલા છે, તેઓની ફરવશીઓને, સઘળા દેશો અને તમામ જમાનાની બીજી પવીત્ર ફરવશીઓ સાથ આરા-ધવામાં આવીછે. આ દેખાડે છે કે જરથોસ્તી ક્રિયાઓમાં આપમતલબ અથવા જાતીભેદ જેવું કાંઇજ નથી અને તેઓ ફકત સારવજનીક ભલાંને અર્થેજ સરજાવેલી છે.

પ્રત્યેક માણસને ફાયદો.

દરેક માણસ જે ક્રિયા કરેછે તે જે જે ફાયદાઓ હાંસલ કરે છે તે ઉપર હવે આપણે આવ્યે. જણાવવાને અગત્યનું થઇ પડશે કે અમશાસ્પંદો તથા યજદોને અપાતો હદીયો, આરાધણા, સ્તુતી અને વખાણો દેખઇતી તથા અણદીઠ જગત તરફ તેના બંદગી કરનારની ફરજનો એક ભાગ બજાવે છે, અને તેઓ તેટલા માટે તેની મીનોઇ વૃદ્ધિના એક સાધન તરીકે થઇ પડે છે. આવી ક્રિયા હંમેશ નીષ્કામીક હેતુથી કીધાથી એક મોબેદ આવી હસ્તીઓનું વધારે અને વધારે જ્ઞાન મેળવે છે. તે તેઓની હસ્તી ખરી છે એવું વિચારે છે, અને એક એવો વખત પણ આવેછે કે જ્યારે અમુક દરજ્જા ઉપર જતાં તે તેઓની હસ્તી વિશે વાકેફ થાયછે, અને તેઓની સાથ પાધરા વહેવારમાં આવેછે, કે જે વિશે હવે પછી દરશાવવામાં આવતા દીનકર્દ માંહેલા ફકરા ઉપરથી જોઇશું. તે રસ્તાને

યોગના રસ્તા

તરીકે ઓળખવામાં આવ્યો છે. એ દરજ્જા ઉપર આવવા છતાં માણસે જરથોસ્તી ધર્મમાં જણાવેલા અમશાસ્પંદો અને યજદોની આરાધણા અને યાદ કરવાથી દુર રહેવું ન જોઇએ, જે વિશે "વીસ્તાસ્પ યસ્ત" નીચે મુજબ જણાવેછે:—

"જરથોસ્ત સાહેબ તે જુવાન પાદશાહ વીસ્તાસ્પને કહેછે કે, તું ઓ વીસ્તાસ્પ! અમશાસ્પંદો, અશો શરોષ, કદે ઉંચા નેર્યોસંગ, અહુરમજદના બેટા આતશ, અને સારી ઇચ્છાથી મેળવેળી પાદશાહી કીર્તી સાથે સંબંધ રાખજે.

"માણસો વિષઇ કામોથી પોતાના તનને પોખે, જ્યારે તું, ઓ વીસ્તાસ્પ, આખી રાત ખુદાઈ ડહાપણને આરાધતો રહે, પણ તું સઘળી રાત, તે ડહાપણ કે જે તને (હંમેશને માટે) જાગૃત રાખે તેની સ્તુતી કરતો રહે."—(જુઓ બાબ ૬ ઠો, ફકરો ૪૦–૪૧).

સઘળાઓએ ખુદાને પહોંચવું છે.

જો એમજ હોય તો—જો સ્પીતમાન જરથુશતે પોતે એક પાદશાહ જે યોગના રસ્તા ઉપર ઉમેદવાર હતો તેને ખુદાઇ અમશાસ્પંદો અને યજદો સાથે અંતકરણથી વહેવાર રાખવાની કોશેશ કરવાને સલાહ આપી હોય તો,—દરેક માણસ જે પોતાને જરથોસ્તી તરીકે કહેવડાવેછે તેની ફરજ છે કે પોતાના સ્વાર્થને અર્થે નહી પણ જગતના ભલાંને અર્થે તેઓની હસ્તી

સ્વીકારે, તેઓની આરાધણા, નમસ્કાર, અને વખાણ કરવી જરૂરની વિચારે. તેમ શામાટે કરવું જોઇએ? કારણ કે ભગવદગીતા કે જેની સર્વાનુમતે વખાણ કરવામાં આવે છે તેમાં શ્રી કૃષ્ણ જણાવેછે કેઃ—

"જેઓ હું બધાઓમાં છું એવું વીચારીને મારી હરદમ બંદગી કરે છે, તેઓના સુખની જોખમદારીનો બોજો હું સહન કરૂં છું. અને વળી જેઓ બીજા દેવતાઓને તેમ કરવામાં, મકમ યકીનથી માને છે તેઓ સુધાં, ઓ કુન્તીના પુત્ર, આડકતરી રીતે મનેજ પુંજેછે—તો જોકે અજાણપણામાં. સઘળા ભોગોનો હું ધણી છું."

સચ્ચાઇઓ ઉપર કોઇ એકલાનો હક હોતો નથી.

કેટલાક પારસીઓ ઉપલા અને બીજા ફકરાઓ પારકા ધર્મવાળાઓની ચોપડીમાંથી લીધા છે, એમ વિચારીને તેની સામે થશે. એવા ગ્રહસ્થોને અમો દીનકર્દનો હવાલો આપીશું; એ ચોપડીમાં જણાવેછે કે અમુક ધર્મ—પછી તે ધર્મનું સાહીત્ય ગમે એટલું બોહલું હોય તે છતાં—તેમાં સચ્ચાઇ તો એકજ છે :—

"જાણવું કે, તે ખોદાતાલાની ચહડતે દરજ્જેની દાનાઇના સખુનો, મજદીઅસની દીન (આએ દુનીઆમાં) આવેઆની આગમજ તથા તે પછી, જે કોઇ જુદા જુદા મુલુકના સારા વીદવાનો હતા તેઓને સારૂં **યજદોનો મારફતે** મોકલેઆમાં આવેઆ હતા. અને તે બીજા જુદા જુદા ખંડોની અંદરના દાનાઓનો મજદીઅસની દીનને લગતી સચાઇનો સંબંધ આએ પ્રમાણે થયો હતો કે, તે લોકો મજદીઅસની દીનવાળાઓની માફક ભલી દીનને લગતી ખોદાઇ અકલના સંબંધથી તે દીનના વીચાર અને લખાણથી વાકેફ થયા હતા." (પુ૦ ૭ મુ, ૪૮૬.)

સેવટ.

બુન્દહેશમાં એવું કહેલું છે કે ખુદ અહુરમજદે અમશાસ્પંદો સાથે **યજશને**ની મીનોઇ ક્રિયા કરી હતી. (બાબ ૨ જો, ફકરો ૯.) તેનો **અર્થ** એવો થાયછે કે **યજશને** યાને ઉંચા ભોગની મદદથી ખુદાતાલા જગતના પ્રગટ થવાનું કારણ છે. જગતનુ જાહેર થવું ઉંચા આસમાનો ઉપરના યજ્ઞના કાયદાનું પરીણામ છે. અહુરમજદની ક્રિયા શક્તિથી

---

* આ કાલા કીધેલા શબ્દો અંગ્રેજી તરજુમો કરનારે દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાનાએ છપાવેલી દીનકર્દમાંથી કાઢી નાંખ્યા છે, તો જો કે તે શબ્દ ગુજરાતી તરજુમામાં માલમ પડે છે, જે થીઓસોફીની રોશનીની મદદ વડે જોવાથી ઘણાજ અગત્યન માલમ પડેછે.

તમામ ખલકતને ગતી મલે છે; એક રજકણુથી તે મોટામાં મોટા ગ્રહો મતીમાં આવી હીલચાલ કરવા માંડે છે, અને તેથીજ જગતની વૃદ્ધિ થાય છે. તેથી જેઓ ક્રિયા કરે છે તેઓ ગોયા અહુરમજદના કામમાં સામેલગીરી કરે છે. એજ પ્રમાણે સોશીયાંસો પોતાના સાથીઓની મદદથી યજશનેની ક્રિયા કરે છે. (બાબ ૩૦ મો, ફકરો ૨૫.) સંપુર્ણ સુખને પહોંચેલા અમર પુરૂશો યાને સોશીયાંસોના સાથીઓ, જેઓ નીર્વાન મેળવવાનો પોતાનો હક છોડી દઇને મીનોઇ ભુવનો ઉપર છેલ્લો હજારો આવે તથા ઇનસાન્યતપણું સંપુર્ણ થાય ત્યાંસુધી માણસજાતનાં ધ્રુજતાં પગલાંની સંભાળ લેવાને અને તેઓને ખરે રસ્તે દોરવવાને મીનોઇમાં ઉભેલા હોયછે, તેઓનો મોટો ભોગ આ યજશને ગણી શકાય. આ ઉંચા ભોગો શું છે તે સમજવું હાલ વધારે કઠણ છે. ભારે વેદના અને દુ:ખથી મેળવેલો હોવા છતાં, આપણો પોતાનો હક છોડી દેવો એ એક ખરો અને ઉમદા ભોગ છે.

આ રીતે જોતાં યજશને અને એવીજ બીજી ક્રિયાઓ મીનોઇ સચ્ચાઇઓના જાહેર રૂપ છે, અને તેટલા માટે અતયંત અગત્યનું છે કે એ ક્રિયાઓ—જે આખા જગતના તેમજ આપણા પોતાના સાર્થક અને ભલાંને અર્થે માણુસજાતના મહાન ગુરૂઓ તરફથી આપણુને મળીછે—તેઓને ખરાં અંત:કરણુથી બજા લાવવી જોઇએ. ધર્મને લગતી ક્રિયાઓનો ખરો મીનોઇ ભાવાર્થ સમજ્યા વગર તેઓને રદ કરવાને કોશેશ કરવી એ બેહુદાપણું છે. એક ચીજ અથવા રસમનો નાશ કરવો સહેલ છે, પણ તેને પાછી સજીવન કરવી એ ઘણું કઠણ છે. જે ક્રિયાઓ જમાના આગમજ સ્થાપવામાં આવી હતી—હીંદુમત પ્રમાણે યજ્ઞને લગતી ક્રિયાઓ ત્રેતા યુગમાં પરઠાવવામાં આવી હતી—તે ક્રિયાઓ રદ કરવાને જેઓ વિચારે છે તેઓ વધારે બેહતર અને પવીત્ર ચીજોથી તેની ગરજ સારવાને કાંઇ આપવાને શક્તિવાન છે કે નહિ તે માટે પુખ્ત વીચાર કરવો જોઇએ. ફાયદાકારક રેવાજો—જે રેવાજો ધીમે ધીમે મીનોઇ તરફ લઇ જતા હોય તો—તેઓનો નાશ કરવાનુ કામ વહેમની ઉત્પન્તી છે; જ્યારે એવો રેવાજો ઉત્પન્ન કરવા અને સજીવન રાખવા એ દુરંદેશી અને ખરા ડહાપણુનું પરીણામછે.

થિઓસોફીકલ સોસાયટી.

सत्यात् नास्ति परो धर्म: ।

"સત્યથી વધારે ઉંચો કોઈ ધર્મ નથી."

તા૦ ૧૭ મી નવેમ્બર ૧૮૭૫ ને દીવસે અમેરીકાના ન્યુયોર્ક શેહરમાં થિઓસોફીકલ સોસાયટીની સ્થાપના થઇ હતી. તેના પરઠાવનારાં એવી ખકી રાખતાં હતાં કે ધર્મ અને વિદ્યા એ બેઉના લાભ સંસ્કૃત, પાલી, ઝંદ, અને એવીજ બીજી ભાષાઓનાં પ્રાચીન લખાણોને તાજાં કર્યાથી વધશે, કે જે ભાષાઓમાં અસલના દાનાવો અને સાક્ષરોએ માણસ જાતના ઉપયોગ માટે માણસ અને કુદરત વિષે સચાઇનો અમૂળ ખજાનો સંગ્રહી રાખ્યો છે આ મંડળી ધર્મને લગતી હોવા છતાં કોઇ પણ ધર્મ તરફથી કે તેનાં સંબંધમાં રહીને કામ કરતી નથી. તે સર્વ ધર્મોથી વેગલી છે, તો જોકે તેનું કામ સર્વ ધર્મોના **સચાઇ** જાણવાની ખાહેશ રાખનાર કાબેલ અભ્યાસીઓ, પંડીતો, અને વિદ્વાનોથી, એકદીલથી કરવામાં આવે છે. આ મંડળીની નેમ એછે કે:—

૧ લી—જાત, ન્યાત, ધર્મ, રંગ, વર્ણ, વગેરેનો તફાવત રાખ્યા વગર જગતમાં માણસજાત વચ્ચે ભાઇબંધી વધારવી.

૨ જી—એર્યન અને પૂર્વ તરફના દેશોના ભણતર, ધર્મ પુસ્તકો, અને વિદ્યાઓનો અભ્યાસ વધારવો.

૩ જી—કુદરત અને માણસમાં ગુપ્ત પડેલી આત્મશકિતઓ વિષે ખોળ કરવી, જે મંડળીના મેમ્બરોનો એક ભાગ બજા લાવે છે.

સામેલ થતી વેળા કોઇ પણ મેમ્બરનું ધર્મ સંબંધી મત પુછવામાં આવતું નથી, તેમજ તેને બીજા મેમ્બરોનાં શું મત છે તે પુછવા દેવામાં આવતું નથી.

દરેક મેમ્બરે મંડળીમાં દાખલ થયા આગમચ આટલું કબુલ કરવું જોઇએ કે, જેમ તેના વિચારોની ખામી બીજાઓ સાંખે એવું તે ઇચ્છે, તેમ બીજાઓના વિચારોની ખામી તેને પણ સાંખી જવી જોઇએ.

ચોપાન્યાંઓ—લુસીફર, થિઓસોફીસ્ટ, મરકયુરી, થીઓસોફીક ગ્લીનર, પીકર, બુધ્ધીસ્ટ, પ્રશ્નોતર, વાહાન, ઇત્યાદી ચોપાન્યાંઓ મંડળીની જુદી જુદી શાખાઓ તરફથી ઇંગ્રેજીમાં નીકળે છે. તે ઉપરાંત ફ્રેંચ, જરમન, સ્પેનીશ, હીંદી, અને બીજી ભાશાઓમાં પણ બીજાં નીકળે છે.

મુંબઇની શાખા—બ્લાવાટસ્કી લાજ, હોર્નબી રો, કોટ.